# કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડા

## નિષ્ણાતો ના વક્તવ્ય – અહેવાલ

**કાર્યક્રમ :** સાઇબર ક્રાઇમ જાગૃતિ કાર્યક્રમ અહેવાલ

**સ્થળ :** કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડા

**હેતુ :** સાયબર ક્રાઇમના ગુનાઓ થી કેવી રીતે બચી શકાય

કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડા ખાતે આજના આધુનિક ટેકનોલોજીના યુગમાં વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારના સાઇબર ગુનાઓ અને સાઇબર ફ્રોડથી સુરક્ષિત રહેવા માટે સાઇબર ક્રાઇમ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સાઇબર ક્રાઇમ ઓફિસમાંથી પધારેલ ભદ્રાબેન, વિમલબેન તથા આઈ.ટી. એક્સપર્ટ નયનલભાઈ ભોઇ અનિશભાઈ શેખ દ્વારા વિદ્યાર્થીઓને ખૂબ જ સરળ, સુંદર અને સચોટ રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને ઓનલાઈન ફ્રોડ, સાયબર બુલિંગ, હેકિંગ, સોશિયલ મીડિયા ફ્રોડ, ફેક મેસેજ, ફેક લિંક, OTP ફ્રોડ, ઓનલાઈન છેતરપિંડી જેવા વિવિધ પ્રકારના સાઇબર ગુનાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ખાસ કરીને સોશિયલ મીડિયા મારફતે અજાણ્યા વ્યક્તિઓ દ્વારા કરવામાં આવતા મેસેજ, ફોનકોલ તથા વિવિધ પ્રકારની હેરાનગતિથી કેવી રીતે બચવું અને આવી પરિસ્થિતિમાં શું તકેદારી રાખવી તે અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મહિલાઓ અને વિદ્યાર્થીઓને સોશિયલ મીડિયા તથા મોબાઇલના માધ્યમથી થતી હેરાનગતિ અંગે પણ જરૂરી સાવચેતી રાખવી તે બાબત વિશે સમજૂતી આપી હતી. કોઈ અજાણી વ્યક્તિને વ્યક્તિગત માહિતી, પાસવર્ડ, OTP, બેંકની વિગતો કે અન્ય સંવેદનશીલ માહિતી ન આપવી તેમજ શંકાસ્પદ લિંક પર ક્લિક ન કરવું તે અંગે વિદ્યાર્થીઓને જાગૃત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી તથા શિક્ષકમિત્રો દ્વારા પણ વિદ્યાર્થીઓને આજના ડિજિટલ યુગમાં ટેકનોલોજીનો સમજદારીપૂર્વક અને જવાબદારીપૂર્વક ઉપયોગ કરવા પ્રેરણા આપવામાં આવી હતી.

Scanned with CamScanner

સમગ્ર કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સાઇબર સુરક્ષા અંગે જાગૃતિ કેળવવી, તેમને ઓનલાઈન છેતરપિંડીથી બચાવવું અને ભવિષ્યમાં જવાબદાર તથા જાગૃત નાગરિક તરીકે સમાજ અને દેશની સેવા કરવા સક્ષમ બનાવવાનો હતો.

આ સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી અને જ્ઞાનવર્ધક રહ્યો હતો. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સાઇબર સુરક્ષા અંગે મહત્વપૂર્ણ માહિતી મેળવી હતી. કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડા દ્વારા આયોજિત આ જાગૃતિ કાર્યક્રમ વિદ્યાર્થીઓના સુરક્ષિત અને જવાબદાર ડિજિટલ ભવિષ્ય માટે એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

.




Scanned with CamScanner









Scanned with CamScanner